For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની નિંભરતાને કારણે

# સચિન GIDCમાં રખડતા કૂતરાએ 24 કલાકમાં 20ને બચકાં ભર્યાં





**6 વર્ષના** બાળકથી લઈ 45 વર્ષના યુવકો પર હુમલો, વિસ્તારમાં ભયનો માહોલ

સુરતઃ સુરત મહાપાલિકા વિસ્તારની સાથે સાથે રખડતાં કૂતરાંનો આતંક ફરતેના સચિન GIDC વિસ્તારમાં પણ પહોંચ્યો છે. આ વિસ્તારમાં છેલ્લા 24 કલાકમાં 20થી વધુ લોકોને રખડતાં કૂતરાંએ બચકા ભરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે દહેશત ફેલાઈ જવા પામી છે. ખાસ કરીને સચિન GIDCની

...અનુસંધાન પાના 9 પર

### જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના પાપે સચિન GIDCમાં રખડતાં કૂતરાંઓનો ત્રાસ વધ્યો

સચિન જીઆઈડીસી વિસ્તારમાં રખડતાં કૂતરાંઓ પર કાબુ કરવાની જવાબદારી સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની છે. પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા સચિન

...અનુસંધાન પાના 9 પર

### હડકવાની રસી લેવા માટે એકસાથે 12થી વધુ આવી જતાં નવી સિવિલ હોસ્પિ.માં ઈમરજન્સી જેવી સ્થિતિ

ઘટનાને પગલે આજે સવારે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં રેબિસની સારવાર લેવા માટે 12થી વધુ લોકો પહોંચતા હોસ્પિટલમાં ભારે દોડધામ જોવા મળી હતી. ડોક્ટરો દ્વારા ઈજાગ્રસ્તોને એન્ટી રેબિસ વેક્સિન અને જરૂરી સારવાર આપવામાં આવી હતી. જ્યારે સામાન્ય ઈજા થયેલા અન્ય લોકોએ સચિન આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર લીધી હોવાનું જાણવા મળ્યું છે.

# સુરત-બેંગકોક ફ્લાઈટ ફરી ઊડશે, જૂન માસનું બુકિંગ શરૂ કરી દેવાયું

**જૂન** મહિનાની ટિકિટ બુકિંગ ઓપન કરી પણ જુલાઈની નહીં, એ પછી સીધી દૈનિક ફ્લાઇટ્સ 1 નવેમ્બર 2026 પછી ઉપલબ્ધ દર્શાવી

સુરત : એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરત-બેંગકોક-સુરત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટે જૂન મહિનાની ટિકિટનું ઑનલાઈન બુકિંગ ફરી શરૂ કરવામાં આવતા આ રૂટ પર ફ્લાઈટ સેવા પુનઃશરૂ થવાની આશા જાગી છે. છેલ્લા કેટલાક સમયથી બંધ રહેલી આ ફ્લાઈટ માટે ફરી બુકિંગ ખુલતા પ્રવાસીઓ તથા ટ્રાવેલ એજન્ટોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એરલાઈન્સ કંપનીએ કોઈપણ સ્પષ્ટ કારણ આપ્યા વિના તા.1 મે 2026થી સુરત-બેંગકોક ફ્લાઈટ સેવા સ્થગિત કરી દીધી હતી. આ નિર્ણય

...અનુસંધાન પાના 9 પર

### એક એજન્ટે જ 400 જેટલી ટિકિટ બુક કરી

હવે એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા જૂન મહિનાની દૈનિક ફ્લાઇટ માટે ફરી ઓનલાઇન બુકિંગ ઓપન કરવામાં આવ્યું છે. ટ્રાવેલ એજન્ટોના જણાવ્યા મુજબ એક એજન્ટ દ્વારા જ આશરે 90 PNR હેઠળ ટિકિટ બુક કરવામાં આવી

...અનુસંધાન પાના 9 પર

### શિયાળુ સમયપત્રક હેઠળ સેવા પુનઃશરૂ થવાની શક્યતા

સૂત્રોના જણાવ્યા મુજબ એર ઈન્ડિયા એક્સપ્રેસે તેના શિયાળાના સમયપત્રક અંતર્ગત સુરત-બેંગકોક રૂટ માટે બુકિંગ ફરી શરૂ કર્યું છે. જેના કારણે આવનારા મહિનાઓમાં નિયમિત

...અનુસંધાન પાના 9 પર



■ ચોક તરફ જવા માટે એકમાત્ર રંગઉપવનથી રસ્તો હતો પરંતુ સમજ્યા વિના જ તેને એવો ખોદી નાખ્યો કે વાહનો પસાર જ થાય નહીં



■ બીજી તરફ જ્યાં વાહનો રોંગસાઈડમાં લઈ જઈ શકાતાં હતાં તેવો જુની સિવિલ હોસ્પિ.ની પાછળનો રસ્તો પણ અણઘડ તંત્રએ ખોદી નાખ્યો

મેટ્રોને કારણે ડાયવર્ઝન અને બીજી તરફ ખોદકામથી વાહન લઈને કેમ જવું?

# મનપાની બુધ્ધિનું પ્રદર્શન: નાનપુરાથી ચોક જવાના બંને રસ્તા ખોદી નાંખ્યા

**મક્કાઇ** પુલ અને ચોકબજાર આવવા કે જવા માંગતા ફોરવ્હીલરોએ બે બ્રિજ પાર કરી એક કિમીનો ચકરાવો લેવો પડે તેવી સ્થિતિ

**મનપાના** નઠારા અધિકારીઓને ખબર જ નથી પડતી કે લોકો ફોરવ્હીલ લઈને કેવી રીતે જશે?

સુરતઃ શહેરમાં છેલ્લાં અઢી વર્ષથી ચાલી રહેલા મેટ્રોના કામને કારણે ચોકબજારથી મક્કાઇ પુલ જતો ગાંધીબાગનો મુખ્ય માર્ગ બંધ રાખવામાં આવ્યો છે. તેના કારણે મનપા દ્વારા વિકલ્પરૂપે સાંકડા રસ્તા પર ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. પરંતુ હવે સુરત મનપાના વિભાગો વચ્ચે સંકલનના અભાવે લોકો હાલાકીમાં મુકાય તે તો હવે જૂની વાત થઇ ગઇ હોય તેમ એક જ વિભાગે ડાયવર્ઝન તરીકે ઉપયોગમાં લેવાતા બંને રસ્તા પર એકસાથે ખોદકામ શરૂ કરી દેતાં વાહનચાલકો અને સ્થાનિક લોકો માટે નવી મુશ્કેલી ઊભી થઈ છે.

મક્કાઇ પુલ તરફ જવા માટે કમાલ ગલી, ખાટકીવાડ અને મીરાંબિકા કોમ્પ્લેક્સ તરફથી ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, જ્યારે મક્કાઇ પુલથી ચોકબજાર આવવા માટે રંગઉપવન પાછળ કોંગ્રેસ કાર્યાલય પાસેથી કિલ્લા તરફ વન-વે માર્ગ જાહેર કરાયો છે. જો કે, આ બંને રસ્તા સાંકડા હોવાથી ત્યાં પહેલેથી જ ટ્રાફિકજામની સમસ્યા રહેતી હતી. હવે એ જ રસ્તાઓ પર હાઇડ્રોલિક વિભાગ દ્વારા ખોદકામ શરૂ થતાં પરિસ્થિતિ વધુ કફોડી બની છે. માહિતીના અભાવે અનેક

...અનુસંધાન પાના 9 પર

### 108 એમ્બ્યુલન્સ જૂની સિવિલની બહાર જ ટ્રાફિકમાં ફસાઇ



મનપાના આડેધડ ખોદકામ અને ડાયવર્ઝનના અવ્યવસ્થિત આયોજનનો ભોગ ઇમરજન્સી સેવા પણ બની છે. રાત્રે સાડા નવ વાગ્યાની આસપાસ જૂની સિવિલ હોસ્પિટલથી કોલ પર જવા નીકળેલી 108 એમ્બ્યુલન્સ ટ્રાફિકજામમાં ફસાઈ જતાં દર્દીને સમયસર સારવાર પહોંચાડવામાં વિલંબ થયો હતો. સાંકડા રસ્તા, ખોદકામ અને અચાનક બંધ કરાયેલા માર્ગોના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. સ્થાનિકોએ આ ઘટનાને મનપાની ગંભીર બેદરકારી ગણાવી તાત્કાલિક ટ્રાફિક વ્યવસ્થા સુધારવાની માંગ ઉઠાવી છે.

### મનપાનું પોતાનું ઈંધણ બચાવવાનું નાટક અને લોકોનું ઈંધણ ફુંકાય તો વાંધો નહીં!

આશ્ચર્યની વાત એ છે કે, એક બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને માન આપવાની જાહેરાત કરી સુરત મનપાના તંત્ર દ્વારા અધિકારીઓને કાર પુલિંગ તેમજ વર્કફ્રોમ હોમ જેવાં આયોજનો કરી ઈંધણ બચાવવાનું નાટક કરવામાં આવી રહ્યું છે. જ્યારે બીજી બાજુ મનપાના અધિકારીઓના અક્કલનું પ્રદર્શન એવું થઇ રહ્યું છે કે ચોકબજાર વિસ્તારના લોકો અને ત્યાંથી પસાર થતાં વાહનોએ 500 મીટરનો રસ્તો પાર કરવા એક કિમીનો ચકરાવો અને ટ્રાફિકજામમાં ફસાઇ જવું પડતું હોવાથી ઈંધણ ફુંકાઇ રહ્યું છે.

બંને બહેનપણીઓ અગાઉ ભાગી પણ ગઈ હતી

# કોસાડમાં બહેનપણીના વિરહમાં સગીરાએ જીવનલીલા સંકેલી લીધી

**રેલવે** સ્ટેશનથી પોલીસે પકડી પરિવારને સોંપ્યા બાદ સગીરાનો આત્મઘાતી નિર્ણય

**એમ્બ્રોડરીમાં** કામ કરતી લક્ષ્મીએ ગભરામણનું બહાનું કાઢી એસિડ પીધો, હોસ્પિટલમાં દમ તોડ્યો

સુરત : શહેરના કોસાડ વિસ્તારમાં બે બહેનપણીઓ વચ્ચેના ગાઢ લાગણીસભર સંબંધ એટલે કે સજાતીય સંબંધનો કરુણ અંત આવ્યો છે. પોતાની ખાસ બહેનપણીથી દૂર થવાના ભયમાં 17 વર્ષીય સગીરાએ એસિડ પી લેતાં તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની લક્ષ્મી દિનેશભાઈ જેસ્વાલ (17 વર્ષ) હાલમાં અમરોલી કોસાડ આવાસમાં પોતાના ભાઈ સાથે રહેતી હતી. તેમજ તેના માતા-પિતા અને અન્ય ભાઈ વતનમાં રહે છે. લક્ષ્મી એમ્બ્રોડરીના ખાતામાં કામ કરતી હતી. ગુરુવારે તેણે અચાનક ગભરામણ અને ચક્કર આવવાની ફરિયાદ મોટા ભાઈને કરી હતી.

લક્ષ્મીએ ભાઈ અજયને કહ્યું કે, "ભાઈ, મને બહુ ગભરામણ થાય છે, કંઈક ઠંડું લઈ આવો." જેથી અજય ઠંડું લેવા બહાર ગયો હતો. જોકે, થોડા સમય બાદ જ્યારે તે ઘરે પરત ફર્યો ત્યારે લક્ષ્મી બેભાન હાલતમાં પડી

...અનુસંધાન પાના 9 પર

# સુરતમાં પેટ્રોલમાં લિટરે 2.99 અને ડીઝલમાં 3.01 રૂપિયાનો ભાવવધારો

**અમૂલ** દૂધ બાદ હવે ઈંધણ મોંઘું થતાં મોંઘવારીનો વધુ એક ફટકો, ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધતાં શાકભાજી-અનાજ સહિત જીવનજરૂરી વસ્તુઓ મોંઘી બનવાની ભીતિ

**પેટ્રોલ-ડીઝલના જૂના અને નવા ભાવ**

| વિગત | જૂનો ભાવ | નવો ભાવ | વધારો |
|---|---|---|---|
| પેટ્રોલ | રૂ. 94.64 | રૂ. 97.63 | રૂ. .2.99 |
| ડિઝલ | રૂ. 90.32 | રૂ. 93.41 | રૂ. 3.09 |

### સ્પીડ પેટ્રોલ રૂ.106ને પાર

પ્રીમિયમ ક્વોલિટી ગણાતા સ્પીડ પેટ્રોલના ભાવમાં પણ સમાન વધારો નોંધાયો છે. અગાઉ સ્પીડ પેટ્રોલનો ભાવ રૂ.103.49 પ્રતિ લિટર હતો, જેમાં રૂ.2.99ના વધારા બાદ હવે ગ્રાહકોને રૂ.106.48 પ્રતિ લિટર ચૂકવવા પડી રહ્યા છે.

સુરતઃ અમૂલ દૂધના ભાવવધારા બાદ હવે સામાન્ય જનતાને પેટ્રોલ અને ડીઝલના વધેલા ભાવનો વધુ એક આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. પેટ્રોલિયમ કંપનીઓએ આજથી પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર રૂ.2.99 અને ડીઝલના ભાવમાં રૂ.3.01નો વધારો અમલમાં મૂકતાં સુરત સહિત સમગ્ર રાજ્યમાં વાહનચાલકોમાં રોષ ફેલાયો છે. સુરતમાં લિટર પેટ્રોલનો નવો ભાવ 97.63 રૂપિયા અને ડીઝલ 93.41 રૂપિયે લિટરે પહોંચ્યું છે.

ઈંધણના ભાવવધારાથી સીધી અસર ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પર પડશે, જેના કારણે આગામી દિવસોમાં શાકભાજી, અનાજ, ખાદ્યતેલ, દૂધ સહિત જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વધતી મોંઘવારીથી ગરીબ અને મધ્યમ વર્ગની હાલત વધુ કફોડી બનશે તેવી ચિંતા ઘર કરી રહી છે. ઈંધણના વધેલા ભાવથી ટેક્સી, રિક્ષા, ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ વ્યવસાય સાથે જોડાયેલા લોકોમાં ભારે ચિંતા ફેલાઈ છે. ટ્રાન્સપોર્ટરોનું કહેવું છે કે ડીઝલના સતત વધતા ભાવને કારણે ભાડામાં વધારો કરવો અનિવાર્ય બનશે. બીજી તરફ સામાન્ય વાહનચાલકોનું માસિક

...અનુસંધાન પાના 9 પર



# ભાવવધારા છતાં પાંચમાં દિવસે પણ સુરતમાં પેટ્રોલ પંપો પર વાહનોની કતારો

**પેટ્રોલિયમ** કંપનીઓની શોર્ટ સપ્લાયથી શહેર-જિલ્લાના અનેક પંપો સાંજ પહેલાં જ ડ્રાય, 'બીજા પંપ પર સંપર્ક કરો'નાં બેનર લાગ્યાં

સુરતઃ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો અમલમાં આવ્યા બાદ પણ સુરત શહેર અને જિલ્લામાં ઈંધણ માટેની દોડધામ ઓછી થઈ નથી. શુક્રવારે સતત પાંચમા દિવસે પણ શહેરના વિવિધ પેટ્રોલ પંપો પર ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર

...અનુસંધાન પાના 9 પર

### દક્ષિણ ગુજરાતમાં ઈંધણ સંકટ જેવી સ્થિતિ

દક્ષિણ ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની સતત વધતી માંગ સામે સરકારી પેટ્રોલિયમ કંપનીઓ પૂરતો પુરવઠો આપી શકતી નથી તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), HPCL અને BPCL જેવી કંપનીઓ તરફથી જરૂરી પ્રમાણમાં સપ્લાય ન મળતાં પેટ્રોલ પંપ સંચાલકો તેમજ ડીલરોમાં ચિંતા વધી રહી છે. કેટલાક પંપ સંચાલકોને મર્યાદિત વેચાણ કરવાની ફરજ પડી રહી છે. ડીલરોનું માનવું છે કે જો પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા તાત્કાલિક પૂરતો પુરવઠો ઉપલબ્ધ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.

# કોઈ ચિંતા જ નથી: ઉકાઈ ડેમની સપાટી મેના મધ્યમાં ૩૨૦.૨૪ ફૂટ

**છેલ્લા** ૬ વર્ષના આંકડાઓમાં સરેરાશ કરતાં સ્થિતિ મજબૂત, ગયા વર્ષની સરખામણીએ વધારો

સુરતઃ દક્ષિણ ગુજરાત માટે જીવનદાયી ગણાતા ઉકાઈ ડેમની જળસપાટી આજે ૧૫ મેના રોજ ૩૨૦.૨૪ ફૂટ નોંધાઈ હતી. ઉનાળાની કડક ગરમી વચ્ચે ડેમની હાલની સપાટી ગયા વર્ષની સરખામણીએ વધુ હોવાથી પાણી પુરવઠા અને સિંચાઈની દૃષ્ટિએ સ્થિતિ સંતોષજનક માનવામાં આવી રહી છે.

છેલ્લા ૬ વર્ષના ૧૫ મેના આંકડાઓ પર નજર કરીએ તો ૨૦૨૪માં સપાટી સૌથી ઓછી ૩૧૪.૨૮ ફૂટ નોંધાઈ હતી, જ્યારે ૨૦૨૦માં સૌથી વધુ ૩૨૩.૦૯ ફૂટ સપાટી રહી હતી. હાલની ૨૦૨૬ની સપાટી ૩૨૦.૨૪ ફૂટ હોવાથી ડેમમાં પાણીનો જથ્થો મધ્યમથી સારો ગણાય તેવી સ્થિતિ છે. ૨૦૨૫માં ૧૫ મેના રોજ ઉકાઈની સપાટી ૩૧૯.૬૪ ફૂટ હતી, જ્યારે આ વર્ષે તે વધીને ૩૨૦.૨૪ ફૂટ થઈ છે. એટલે કે એક વર્ષમાં આશરે ૦.૬૦ ફૂટનો વધારો નોંધાયો છે. આ વધારો દર્શાવે છે કે છેલ્લા ચોમાસામાં ડેમમાં આવેલા પાણીના સંગ્રહનો લાભ હજુ પણ ઉપલબ્ધ છે.

### ૨૦૨૪ બાદ સ્થિતિમાં નોંધપાત્ર સુધારો

૨૦૨૪ દરમિયાન ઉકાઈ ડેમની સપાટી ૩૧૪.૨૮ ફૂટ સુધી નીચે ઉતરી ગઈ હતી, જે છેલ્લા છ વર્ષમાં સૌથી નીચી ગણાઈ હતી. તેની સરખામણીએ હાલની સપાટી લગભગ ૬ ફૂટ જેટલી વધુ છે. પાણીની ઉપલબ્ધિમાં આ સુધારો દક્ષિણ ગુજરાતના શહેરો અને ખેતી માટે રાહતરૂપ માનવામાં આવી રહ્યો છે.

### ચોમાસા પૂર્વે પાણીનો જથ્થો મહત્ત્વનો

હાલમાં ઉનાળાની ઋતુમાં તાપમાન સતત ઊંચું રહેતા પાણીની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારો માટે ઉકાઈ ડેમ મુખ્ય જળસ્રોત હોવાથી ચોમાસા પહેલાં ડેમની સપાટી પર સૌની નજર રહેતી હોય છે. જો આગામી દિવસોમાં ગરમી અને પાણીની માંગ યથાવત રહેશે તો સપાટીમાં ધીમે ધીમે ઘટાડો થઈ શકે છે. જોકે હાલની સ્થિતિને જોતા આગામી ચોમાસું શરૂ થાય ત્યાં સુધી પાણી પુરવઠા અંગે તાત્કાલિક ચિંતાજનક સ્થિતિ દેખાતી નથી.

**છેલ્લાં ૬ વર્ષની ૧૫ મેની સપાટી**

| વર્ષ | સપાટી (ફૂટ) |
|---|---|
| ૨૦૨૦ | ૩૨૩.૦૯ |
| ૨૦૨૧ | ૩૧૮.૫૪ |
| ૨૦૨૨ | ૩૨૨.૪૧ |
| ૨૦૨૩ | ૩૧૮.૪૨ |
| ૨૦૨૪ | ૩૧૪.૨૮ |
| ૨૦૨૫ | ૩૧૯.૬૪ |
| ૨૦૨૬ | ૩૨૦.૨૪ |

# રાજાપાઠમાં ઝડપાયેલા અંકલેશ્વર રેલવે સ્ટેશનના અધિક્ષકને ૧૮ મહિનાની કેદ

3 વર્ષ પહેલા અંકલેશ્વર રેલવે સ્ટેશન પર નશામાં છાકટા થઈ બેફામ ગાળો બોલતા ધરપકડ થઈ હતી

સુરતઃ અંકલેશ્વર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં ૧ ઉપર સ્ટેશન માસ્તરની ઓફિસ બહાર અંકલેશ્વર રેલવે સ્ટેશનના સ્ટેશન અધિક્ષક લોધીરામ જયરામ મીના નશામાં છાકટા થઈ બેફામ ગાળો બોલતા પોલીસે પ્રોહિબિશન એક્ટ અન્વયે કરેલા કેસમાં આ સ્ટેશન અધિક્ષકને કોર્ટે ૧૮ મહિનાની સજા અને દંડ ફટકાર્યો હતો. ફરીયાદી પોલીસકર્મી અરવિંદભાઈ પટેલ તા.૨૭-૦૨-૨૩ ના રોજ પોકો કેયુરકુમાર સાથે વોચમાં હતા ત્યારે અંકલેશ્વર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં ૧ ઉપર સ્ટેશન અધિક્ષક લોધીરામ જયરામ મીના દારુનાં નશામાં છાકટા થઈ બેફામ ગાળો બોલતાં હોય પોલીસે ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ અન્વયે કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી રેલવે કોર્ટમાં ચાલી હતી.

...અનુસંધાન પાના 9 પર

### આ રેલવે અધિકારીને અગાઉ છ મહિનાની સજા થઈ હતી, છતાં સુધર્યો ન હતો

સ્ટેશન અધિક્ષકના પદ પર હોવા છતાં આરોપી લોધીરામ મીનાને અગાઉ એક ગુનામાં છ માસની સજા થઈ હતી, જેની નોંધ લઈ કોર્ટે આ બીજો ગુનો છે, જેથી આરોપી કેફી પીણું પીધેલી હાલતમાં અસભ્ય વર્તન અને ગાળો આપતો મળી આવ્યો હોય પ્રોબેશનનો લાભ આપવો ઉચિત જણાતો નથી અને સજા ફટકારી હતી.

## સુરતી મોઢ વણિક અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **સુભાષચંદ્ર જેકિશનદાસ મોદી**નું સંવત ૨૦૮૨ વદ તેરસ ને શુક્રવાર, તા. ૧૫.૦૫.૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પરમકૃપાળુ પરમાત્મા દિવંગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**સ્વ. સુભાષચંદ્ર જેકિશનદાસ મોદી**
સ્વ. તા. ૧૫.૦૫.૨૦૨૬

:: સ્મશાનયાત્રા :: તા. ૧૬.૦૫.૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે અમારા નિવાસસ્થાને થી જહાંગીરપુરા સ્મશાનગૃહ સુરત જશે.

સદ્‌ગતનું બેસણું તા. ૧૬.૦૫.૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાન ૧૮, ધનલક્ષ્મી બંગ્લોઝ, સ્વસ્તીક એવન્યુની સામે, નક્ષત્ર એપાર્ટમેન્ટની પાસે, પાલ, સુરત મુકામે રાખવામાં આવેલ છે.

લિ. સ્વ. બીન્દુબેન સુભાષચંદ્ર મોદી
મુકુંદકુમાર સુભાષચંદ્ર મોદી — સીમ્પલ મુકુંદકુમાર મોદી
વિજયકુમાર સુભાષચંદ્ર મોદી — કેજલ વિજયકુમાર મોદી
જાગૃતિ હેમંતકુમાર મોદી — તથા સમસ્ત ડુમસવાલા પરિવાર

## સ્નેહસભર શ્રદ્ધાંજલી



|| ૐ શાંતિ ||

**સ્વ. નરેશભાઈ ચંપકલાલ ગાંધી**

દિલગીરી સાથે જણાવવું કે અમારા પરમ સ્નેહી અને શુભચિંતક તા.૧૧-૦૫-૨૦૨૬ ને સોમવારના સ્વર્ગવાસ થયેલ છે.
જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા.
આપનો આનંદિત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે.
ભગવાન એમના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
કિશોરકુમાર નટવરલાલ ગાંધી
જ્યોતિ કિશોરકુમાર ગાંધી
ડો.જેનીલ કિશોરકુમાર ગાંધી — અમિત રાજેશકુમાર મોદી
ડો.સૌમ્યા જેનીલ ગાંધી — નિકી અમિત મોદી
સંજીવની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ નો પરિવાર
વેસ્ટન બિઝનેસ પાર્ક વેસુ ચાર રસ્તા સુરત.

## છઠ્ઠી પુણ્યતિથિ એ શ્રદ્ધાંજલી



**સ્વ.પ્રદીપ કુમાર ઉર્ફે (પિન્ટુ) જગદીશચંદ્ર દેસાઈ**
સ્વ.તા.૧૬/૦૫/૨૦૨૦
(મુ.વડોદ.તા.ઓલપાડ .જી સુરત.)

તારી હાજરીથી જીવનના બગીચામાં સ્નેહની વસંત ખીલી હતી, જાણે ખુશીઓની કિલકિલાટ અને સંવેદનાની સુગંધથી બગીચો મ્હેકતો હતો, ત્યાં વળી સ્વર્ગમાં શું ખોટ પડી શું પરમાત્માને? કે પંખીઓના ખિલખિલાટથી હર્યાભર્યા માળામાંથી તે અચાનક વિદાય લીધી, તારી અણધારી વિદાય સૌનું હૈયું કંપાવી ગઈ, પ્રેમાળ પંખીઓને રડાવી ગઈ, તારો સદાય હસતો ચહેરો હર હંમેશ અમારી આંખો સમક્ષ તરવરે છે તું નથી પણ તારી સ્મૃતિ હૃદયમાં હજીયે અકબંધ છે તારી વિદાયને છ વર્ષ વીતી ગયા, પણ મન હજી નથી માનતું કે તું અમારી વચ્ચે નથી, બસ પ્રભુને એટલી પ્રાર્થના કે તારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે...

લિ.
જનકભાઈ ઉર્ફે જગદીશચંદ્ર સોમાભાઈ દેસાઈ (પિતા)
મીનાબેન જગદીશચંદ્ર દેસાઈ (માતા)
ગં.સ્વ. કાજલબેન પ્રદીપકુમાર દેસાઈ (પત્ની)
કાવ્યા પ્રદીપકુમાર દેસાઈ (પુત્રી)
નીતાબેન ગૌરવભાઈ દેસાઈ(બહેન) - ગૌરવ ગુણવંતરાય દેસાઈ(બનેવી)
વિપુલ ટી. નાયક (ભાઈ) - નિલેશ ટી. નાયક (ભાઈ)
આશિષ એસ. દેસાઈ (ભાઈ)
મૈથીલી, કુંજ, ધ્વનિલ, આસ્થા, આરુષિ

## સુરતી મોઢવણિક અવસાન - બેસણું



**સ્વ. ચંદ્રિકાબેન (ચંપાબેન) મહેન્દ્રભાઈ ગાંધી**
ઉંમર : ૮૬ વર્ષ, જન્મ તા. ૧૬/૦૧/૧૯૪૦, સ્વ. તા. ૧૫/૦૫/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજનશ્રી ચંદ્રિકાબેન (ચંપાબેન) મહેન્દ્રભાઈ ગાંધી નું તા. ૧૫/૦૫/૨૦૨૬ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના..

સદ્‌ગતનું બેસણું : તા.૧૬/૦૫/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે શ્રી દિગંબર જૈન વિદ્યા સુધા સમિતિ, ચંદ્રા પ્રભુ દિગંબર જૈન મંદિરની સામે, મેરિયટ હોટલ રોડ, પાર્લે પોઈન્ટ, સુરત ખાતે રાખેલ છે

લિ. સ્વ. મહેન્દ્રભાઈ સાકરલાલ ગાંધી (પતિ)
શ્રી પંકજ મહેન્દ્રભાઈ ગાંધી (પુત્ર) | શ્રીમતી મનીષા પંકજ ગાંધી (પુત્રવધુ)
શ્રી જીત પંકજભાઈ ગાંધી (પૌત્ર) | શ્રીમતી શ્રેયાંષી જીત ગાંધી (પૌત્રીવધુ)
કુ. અર્શયા જીત ગાંધી (પરપૌત્રી) - S.T. Gandhi Group

નિવાસ સ્થાન : E-1001, મલબાર હિલ એપાર્ટમેન્ટ, સરગમ શોપીંગ સેન્ટર પાછળ, પાર્લેપોઈન્ટ, સુરત. Mo. 98253 69124